ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી

તા. ૨૮-૧૦-૨૦૨૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી રાજેશ સોનીએ પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, નારોલ ખાતે દેવી સીન્થેટીક નામની ટેક્ષટાઈલ કંપનીમાં જે દુર્ઘટના બની તે દુર્ઘટનમાં બે લોકોના મૃત્યુ થયા, ચાર લોકો વેન્ટીલેટર ઉપર છે અન્ય ત્રણ લોકો હોસ્પિટલમાં દાખલ છે. આ ઘટના સલ્ફ્યુરીક એસીડનું ટેકર ખાલી કરતી વખતે કોસ્ટીંગ સોડા સાથે ભળી જતા કેમીકલ રીએક્શન આવતા બનેલ હતું. સલ્ફ્યુરીક એસીડ હેઝાર્ડ વેસ્ટની કેટેગરીમાં આવે છે અને જો હેઝાર્ડ વેસ્ટનો ઉપયોગ કરવો હોય તો ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના રૂલ્સ-૯ મુજબની મંજુરી મેળવવાની હોય છે સાથે સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હેલ્થ ખાતાની એસીડ સ્ટોરેજનું લાયસન્સ મેળવવાનું હોય છે. તા. ૨૩/૭/૨૦૨૪ના રોજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આર.ટી.આઈ. આઈ.ડી. ક્રમાંક ૪૫૭ ના જવાબમાં સ્પષ્ટ જણાવેલ છે કે, આ દેવી સીન્થેટીક પાસે કોઈપણ પ્રકારની રૂલ્સ-૯ મુજબની મંજુરી મેળવેલ નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હેલ્થ વિભાગ દ્વારા આર.ટી.આઈ.ના જવાબમાં આપવામાં આવેલી માહિતી મુજબ આ કંપનીએ એસીડ સ્ટોરેજનું કોઈપણ પ્રકારનું લાયસન્સ મેળવેલ નથી. જો બન્ને પ્રકારના લાયસન્સ આ કંપની પાસે ના હોય તો કંપની આ ગંભિર પ્રકારના એસીડનો ઉપયોગ કેવી રીતે કરતી હતી ? અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશના હેલ્થ વિભાગે તા. ૨/૮/૨૦૨૪ના રોજ આ કંપનીને શોક્રોઝ નોટીસ આપેલ હતી ત્યારે કંપનીએ પોતાના લેટરપેડ ઉપર તા. ૩/૮/૨૦૨૪ના રોજ ખોટો જવાબ હેલ્થ ખાતાને કરેલ હતો. જેમાં એમણે સ્પષ્ટ જણાવેલ હતું કે, અમારી પાસે હેઝાર્ડ વેસ્ટનું સર્ટીફીકેટ છે. હેલ્થનું એસીડ સ્ટોરેજનું લાયસન્સ છે. આજ હેલ્થ ખાતામાં સેફ એન્વાયરમેન્ટ પ્રા.લી. નામની કંપનીનો હેઝાર્ડ વેસ્ટ બાબતે થયેલો કરાર જેનો સર્ટીફીકેટ નંબર ૧૦૨૮૨૮ છે. જેની મર્યાદા તા. ૫/૭/૨૦૨૧ થી ૫/૭/૨૦૨૬ સુધીની છે. જો આ કંપની પાસે હેઝાર્ડ વેસ્ટની પરમીશન ના હોય જી.પી.સી.બી.ના જવાબ પ્રમાણે તો આ ખોટા પત્રો અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને કરવાનું કારણ કયું હોઈ શકે ? અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પરવાના નં. ૪૧/૨૦૨૪-૨૫ થી આ કંપનીને પ્રોસેસ બાબતનું એક લાયસન્સ આપવામાં આવેલ છે. એ લાયસન્સમાં એસીડ સ્ટોરેજના લાયસન્સનો કોઈ ઉલ્લેખ નથી.તા. ૨૧/૮/૨૦૨૪ના રોજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટે ચલન નં. MCHLN20240821108693 થી રૂ. ૧૦,૦૦૦/- ની પેનલ્ટી આંતરીક આદર્શ સફાઈ ના હોવાથી વસુલ કરેલ. તો શું અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના હેલ્થ ખાતાને જાણ ન હતી કે આ કંપની પાસે એસીડ સ્ટોરેજનું લાયસન્સ નથી ? ચાર મહિનાથી આ કંપનીના વિરોધમાં સ્થાનિક આગેવાનો અને નાગરિકો દ્વારા લેખિત ફરિયાદ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના હેલ્થ ખાતામાં કરવામાં આવતી હતી. પરંતુ આ બન્ને ખાતા દ્વારા આ કંપનીમાં કોઈજાતની કાર્યવાહી કરવામાં ન આવી અને બહુ સ્પષ્ટ પણે જી.પી.સી.બી.ના અધિકારી અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના હેલ્થ ખાતાના અધિકારીઓ જાણતા હતા કે આ કંપની પાસે સલ્ફ્યુરીક એસીડનું વપરાસ કરવા

માટેના કોઈપણ જાતના પરવાના નથી અને જે પુરાવા કોર્પોરેશનમાં રજુ કર્યા છે તે સંપૂર્ણપણે ખોટા છે. તેમ છતાં અધિકારીઓ ભ્રષ્ટાચાર આદરી આંખઆડાકાન કરી લોકોના જીવ જાય ત્યાં સુધી રાહ જોઈ અને કોઈ કાર્યવાહી કરી નહી જ્યારે ઘટના બની ગઈ અને લોકોના મૃત્યુ થયા ત્યારબાદ થયેલા આંદોલને અને લોકવિરોધે તા. ૨૮/૧૦/૨૦૨૪ ના આઉટવર્ડ નંબર ૮૨૫૬૩૪ થી આ કંપનીને રૂલ્સ-૯ ની મંજુરી ન હોઈ ક્લોઝર નોટીસ આપેલ છે અને રૂ. ૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ રૂપિયા) નો દંડ ફટકારેલ છે. હજુ સુધી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને આ બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી. જી.પી.સી.બી. અને હેલ્થ ખાતાના અધિકારીઓ ઉપર ભ્રષ્ટાચાર અને ફરજમાં બેદરકારી બદલ કોઈજાતની કાર્યવાહી કરેલ નથી. અમારી બહુ સ્પષ્ટ માંગણી છે કે, તત્કાલ ધોરણે જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે અને પોલીસ ફરિયાદમાં તેમને પણ આરોપી દર્શાવવામાં આવે સાથે સાથે પીડિત પરિવારોને આર્થિક સહાયતા આપવામાં આવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે નારોલમાં બનેલ ગેસ ગળતરની ઘટનામાં જે નિર્દોષ શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે તેમને એક કરોડ રૂપિયા આર્થિક સહાય મળે તથા ઈજાગ્રસ્તોને પચાસ લાખની આર્થિક સહાય મળે તેવી સરકારને માંગ છે. ગુજરાત રાજ્યના જે સરકારી કર્મચારીઓના ભ્રષ્ટાચારના લીધે જે નિર્દોષ શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે તે કર્મચારીઓ ઉપર કાયદેસરના કડક પગલા લેવાય તેવી માંગ કરી છે.

(હેમાંગ રાવલ)
મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તા